Extra No. 230

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] MONDAY, JUNE 23, 2025 / ASADHA 2, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

-:: વંચાણે લીધા ::-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ ગોધરાના પત્ર ક્રમાંક : સીબી/૧૮૫ તા.૧૩/૦૩/૨૦૨૫.

(૨) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરા પ્રાંત ગોધરાના પત્ર ક્રમાંક : એમ.એ.જી/વશી/૩૨૪/૨૦૨૫ તા.૨૪/૦૩/૨૦૨૫.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી/અભિપ્રાય/૯૧૨/૨૦૨૫ તા.૨૪/૦૩/૨૦૨૫.

(૪) અધિક્ષક ઈજનેરશ્રી, ડીઝાઈન સર્કલ ગાંધીનગરના પત્ર જાવક નં. SEDC/PB/49/1929/2025 Dt. 15-05-2025

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ ગોધરાના પત્ર ક્રમાંક : સીબી/ગોધરા/૫૦/૨૦૨૫ તા. ૧૯/૦૬/૨૦૨૫.

(૬) અત્રેની કચેરીનું જાહેરનામા નં.એમએજી/સમારકામ-જાહેરનામું/વશી/૯૨૨થી૯૩૨/૨૦૨૫ તા. ૨૫/૦૩/૨૦૨૫

(૭) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું

File No: PAN/OTH/e-file/454/2025/1461/Extra Chitnis.-કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૧) પરના તા.૧૩/૦૩/૨૦૨૫ ના પત્રથી તેઓની કચેરી હસ્તક આવેલ ટુવા-રતનપુર- કબીરપુર રોડ (અન્ય જીલ્લા માર્ગ) કી.મી.૦/૦૦ થી ૧૧/૩૭૦ ની ચેઈનેજ કી.મી. ૪/૨૦૦ થી ૪/૪૦૦ પર મેજર બ્રીજ આવેલ છે. સદર બ્રીજની પ્રિમોનસુન ચકાસણી દરમ્યાન સદર બ્રીજ પ્રારંભિક નજરે જોખમી જણાતા ઈંફિનિજી સિવિલ કન્સલ્ટન્ટે, અમદાવાદ મારફત સદર બ્રીજની ચકાસણી કરાવવામાં આવેલ હતી. તેમના રીપોર્ટ મુજબ પણ સદર બ્રીજ ખરાબ અવસ્થામાં જણાય છે. સદર બ્રીજના મરામત અર્થે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ સચિવાલય ગાંધીનગરના તા.૨૫/૧૦/૨૦૨૩ ના પત્રથી વહીવટી મંજુરી તથા તા.૪/૧૦/૨૦૨૪ ના પત્રથી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પેટા વિભાગ ગોધરાના પત્રથી સદર બ્રીજના રીપેરીંગની કામગીરી હાલ ચાલુ હોઈ સમારકામની કામગીરી પુરી ન થાય ત્યાં સુધી

અંદાજીત 3 માસ સદર બ્રીજનો ઉપયોગ બંધ કરવા ભલામણ કરેલ છે. જેથી સમારકામ દરમ્યાન કોઈપણ બનાવ ન બનવા પામે તથા સાવચેતીના ભાગરૂપે સદર બ્રીજ બંધ કરવા જણાવેલ છે તેમજ આ બ્રીજ બંધ કરવામાં આવે તો આજુ-બાજુના એકપણ ગામો મુખ્ય રસ્તાથી કટ-ઓફ થતો ન હોવાનું અને અન્ય જગ્યાઓએ જવા વૈકલ્પિક રસ્તાઓની વ્યવસ્થા હોવાનું જણાવેલ છે. જેથી આ કામગીરી ચાલુ કરવા માટે ઉલ્લેખિત આ રસ્તો બંધ કરવાનું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ હતી.

સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ગોધરા પ્રાન્ત, ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૨) પરના તા.૨૪/૦૩/૨૦૨૫ ના પત્ર મુજબ ગોધરા તાલુકાના ટુવા-રતનપુર-કબીરપુર રોડ કિ.મી. ૦/૦૦ થી ૧૧/૩૭૦ મેજર બ્રીજ જોખમી ગણાતા બ્રીજ રીપેરીંગ માટે રસ્તો બંધ કરવા અંગેના ના-વાંધા પ્રમાણપત્ર આપવાના કામે સ્થળ મુલાકાત લઈ સદર જગ્યાથી આવેલ તમામ ગામો માટે વૈકલ્પિક રસ્તાની જગ્યા ઉપલબ્ધ હોવા અંગે પંચનામુ કરી મોકલેલ છે. જે પંચનામાની વિગતે વૈકલ્પિક રસ્તા તરીકે બ્રિજથી ઉદલપુર ૮.૦૦ કિ.મી., ઉદલપુર થી કબીરપુર ચોકડી ૬.૯૦ કિ.મી. કબીરપુર ચોકડીથી રતનપુર ૪.૧૦ કિ.મી., રસ્તા પરથી ભારે વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાય તેમ છે. તથા અન્ય ટ્રાફિક માટે રતનપુર ગામથી નર્મદા કેનાલ થઈ અમદાવાદ ગોધરા મેઈન હાઈવે (૪.૯૦ કિ.મી.) નાના વાહનો તથા ૨ વ્હીલર વાહનોની અવર જવર માટે ઉપયોગ થાય તેમ છે. જેથી બ્રીજ બંધ કરી શકાય તેમ જણાવેલ છે.

ઉકત હકીકતે, પંચનામાની વિગતે વૈકલ્પિક રસ્તો ઉપલબ્ધ હોઈ, આજુબાજુના એકપણ ગામ મુખ્ય રસ્તાથી કટ ઓફ થતાં નથી. જેથી કામ ચાલુ હોવા અંગે જરૂરી બેરીકેડસ મુકી, સાવચેતી સાઈન બોર્ડ મુકી કામ ચાલુ કરવામાં આવે તો વાંધા હરકત સરખુ નથી. વધુમાં રસ્તો બંધ કરવા અંગે જરૂરી જાહેરનામું બહાર પાડી, આસપાસની લાગુ તમામ પંચાયતો, લોકલ બોડીઝ ને જાણ કરી, જાહેરાતો કરી, રસ્તો બંધ કરવાનું જાહેરનામું બહાર પાડવા માટે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૩) પરના તા.૨૪/૦૩/૨૦૨૫ ના પત્રથી જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

સદર બાબતે અત્રેની કચેરીના વંચાણે લીધેલ અ.નં.(૬) પરના તા.૨૫/૦૩/૨૦૨૫ ના પત્રથી તા. ૨૫-૦૩-૨૦૨૫થી તા. ૨૫-૦૬-૨૦૨૫ સુધી બ્રિજનો રસ્તો બંધ કરવા જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું.

અધિક્ષક ઈજનેરશ્રી ડીઝાઈન સર્કલ ગાંધીનગરના વંચાણે લીધેલ અ.નં. (૪) પરના તા. ૧૫/૦૫/૨૦૨૫ ના પત્રથી ટુવા-રતનપુર-કબીરપુર રોડ (અન્ય જીલ્લા માર્ગ) કી.મી.૦/૦૦ થી ૧૧/૩૭૦ ની ચેઈનેજ કી.મી. ૪/૨૦૦ થી ૪/૪૦૦ પર મેજર બ્રીજ આવેલ છે જે બ્રિજ બાબતે નવીન બ્રિજ બનાવવા અથવા તેની સમારકામ માટે ૪-૬ માસ બ્રિજ બંધ રાખવા જણાવેલ છે. જે અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૫) પરના તા.૧૯/૦૬/૨૦૨૫ ના પત્રથી સમારકામ દરમ્યાન કોઈ પણ અઘટિત બનાવ ન બને તે માટે તેમાં સાવચેતી ના ભાગ રૂપે સદર બ્રિજ બંધ કરવું યોગ્ય જણાય છે. જેથી આ કામગીરી ચાલુ હોવાથી ઉલ્લેખિત આ રસ્તો બંધ કરવાનું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

ઉકત વિગતે કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ ગોધરાની મળેલ દરખાસ્ત તેમજ અધિક્ષક ઈજનેરશ્રી ડીઝાઈન સર્કલ ગાંધીનગરના પત્રની વિગતે ગોધરા તાલુકાના ટુવા-રતનપુર-કબીરપુર રોડ કિ.મી.૦/૦૦ થી ૧૧/૩૭૦ મેજર બ્રિજ જોખમી ગણાતા બ્રિજ રીપેરીંગની કામગીરી ચાલુ હોવાથી રસ્તો બંધ કરવા અને અવર-જવર માટે અન્ય વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ઝન આપવા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (ખ) મુજબ તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ રાત્રીના ૦૦:૦૦ કલાકથી તા. ૩૧/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળા માટે બંધ કરવો જરૂરી જણાય છે.

આથી હું આશીષ કુમાર (આઈ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબની અમલવારી કરાવવા ફરમાવું છું કે, કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ ગોધરા હસ્તક આવેલ ટુવા-રતનપુર-કબીરપુર રોડ (અન્ય જિલ્લા માર્ગ) કિ.મી.૦/૦૦ થી ૧૧/૩૭૦ ની ચેઈનેજ કી.મી. ૪/૨૦૦ થી ૪/૪૦૦ પર મેજર બ્રીજનો રસ્તો આ હુકમની તારીખથી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી બંધ રાખવો તેમજ વૈકલ્પિક રસ્તા માટે નીચે મુજબના માર્ગોનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧) ભારે વાહનો માટે :- બ્રીજથી ઉદલપુર-૮.૦૦ કિ.મી, ઉદલપુરથી કબીરપુર ચોકડી-૬.૯૦ કિ.મી, કબીરપુર ચોકડીથી રતનપુર ગામ-૪.૧૦ કિ.મી (કુલ ૧૯.૦૦ કિ.મી) પરથી અવર-જવર કરી શકશે.

(૨) નાના વાહનો અને ટુ વ્હીલર માટે :- રતનપુર ગામથી નર્મદા કેનાલ થઈ અમદાવાદ-ગોધરા મેન હાઈવે (૪.૯૦ કિ.મી) પરથી અવર-જવર કરી શકશે.

(૩) આ કામે જાહેર જનતાને અગવડ ન પડે તેમજ લોકોની સુરક્ષા અને સલામતીના હેતુસર પુરતી તકેદારી રાખી યોગ્ય જગ્યાએ જરૂરી સૂચના માટેના બોર્ડ દર્શાવવાના રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ:૨૧-જુન-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

આશીષ કુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ-ગોધરા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.10 18:40:34 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara